GJRJ070022552025

| | |
|---|---|
| અરજી રજુ થયા તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ |
| અરજી દાખલ તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ |
| અરજી નિકાલ થયા તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૭ ૧૯ |

**મહે.ભાયાવદરના પ્રિન્સી. સિવિલ જજ સાહેબની કોર્ટમાં..**
**જિ.રાજકોટ.**

**દિ.પર.અરજી નંબરઃ ૧૨/૨૦૨૫**
**આંક—૩૨**

**અરજદારઃ—** (૧) તરૂલતાબેન ઉર્ફે તારાબેન ડો/ઓ માધવજીભાઇ કટારીયા વા/ઓ અશોકભાઇ ચંદારાણા
રહે."કૈલાશ ધામ", ગાયત્રી નગર શેરી નં.૩/૧૨, ભકિત નગર સર્કલ પાસે, રાજકોટ.

**: : વિરૂધ્ધ : :**

સામાવાળાઃ— **ગુજ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાના વારસદારો**
(૧) હરીશભાઇ જમનાદાસ ચંદારાણા
રહે. 52-A, Oxford Avenue, SouthAmpton, SO14, 0BP, UK.
(૨) ભારતીબેન ડો/ઓ જમનાદાસ ચંદારાણા વા/ઓ કાંતીલાલ સાંકરીયા
રહે.41, Violet Road, SouthAmpton, SO16, 3GZ, UK.

બાબતઃ— **ભારતીય વારસાધારા કલમ—૨૭૬ મુજબ ગુજ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાના તા.૨૪/૧૨/૨૦૦૫ ના વીલના આધારે પ્રોબેટ/લેટર ઓફ એડમીનીસ્ટ્રીશન આપવા બાબત.**

-----------------------------------

**અરજદારપક્ષે વિ.વિ. શ્રી પી.આર.ભાટ્ટ.**
**સામાવાળાપક્ષે વિ.વ.શ્રી જે.ડી.ચંદ્રવાડીયા.**

-----------------------------------

**: : ચુકાદો : :**

(૧) સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર મુળ રાજકોટ જિલ્લાના રાજકોટના વતની છે અને વિલમાં જણાવેલ સીમ જમીન વાળી મિલકત રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર–૨ માં આવેલી સીમ જમીન વાળી મિલકત છે. અરજદાર આ વિલથી મિલકત તેઓના નામે કરનાર સ્વ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણા એ અરજદારના મામી થતા હતા અને રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર–૨ મુકામે આવેલી વિલમાં જણાવેલ વિગત વર્ણનવાળી મિલકત અરજદારને આપેલ છે અને સ્વ.દિવાળીબેન અરજદાર સાથે રાજકોટ મુકામે અરજદાર સાથે તેઓના પરિવારમાં રહેતા હતા અને સ્વ.દિવાળીબેનના લગ્ન જીવન દરમ્યાન તેઓને બે સંતાનોનો જન્મ થયેલ જેમા (૧) હરીશભાઈ જમનાદાસ ચંદારાણા (૨) ભારતીબેન જમનાદાસ ચંદારાણા છે અને આ કામના ગુજ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણા અરજદાર સાથે રહેતા હતા અને તેમની સાર–સંભાળ રાખતા અને ત્યારબાદ તા.૨૪/૧૨/૨૦૦૫ ના રોજ વિલ યાને વસીયતનામુ કરેલ જે બાદ તે શારિરિક અવસ્થા સારી ના હોવાથી સાઉથએમ્પટન જતા રહેલ અને ત્યાં જ તા.૧૮/૦૬/૨૦૧૪ ના રોજ તેમનુ કેન્સરના કારણે અવસાન થયેલ. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર–૨ મુકામે સંયુકત ખાતાની સીમજમીન આવેલ છે જેના (૧) સર્વે.નં.૬૯૮/૧, હે.આરે.ચો.મી.૫–૩૨–૧૬, (૨) સ.નં.૬૯૮/૨, હે.આરે.ચો.મી. ૫–૮૮–૮૨, (૩) સ.નં.૬૯૯/૧, હે.આરે.ચો.મી.૧–૮૬–૧૬, (૪) સ.નં.૮૩૦/૨, હે.આરે.ચો.મી.૧–૪૪–૬૮, (૫) સ.નં.૮૨૮/૧, હે.આરે.ચો.મી.૧–૫૮–૮૪ વાળી સીમ જમીન સંયુકત માલિકી કબજા ભોગવટાની આવેલ છે જેમા ગુજ. દિવાળીબેન જમનાદાસ ચંદારાણાનો કુલ જમીનના ૧/૭ ભાગની જમીન માલિકીનો હિસ્સો આવેલ છે જેનુ વસીયતનામું કરવામાં આવેલ છે અને ઉપરોકત સીમ જમીનનો દાવો જેના કેસ નં.૧૯/૨૦૦૨ થી તા.૨૮/૦૮/૨૦૧૮

ના હુકમનામામાં આ જમીનના ૭ હિસ્સાઓ રહેલા છે તેવુ ઠરાવવામાં આવેલ છે. ઉપરોકત જણાવેલ મિલકત કે જે અરજદારના મામી ગુજ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાના નામે સંયુકત માલિકીના ૧/૭ ભાગની મિલકતનો હક્ક હિસ્સો તેમના અવસાન બાદ અરજદારને આપવાનુ વિલ નોટરી અધિકારી મહેશ એમ. માનાણીના નોટરી બુકના રજીસ્ટર વર્ષ ૨૦૦૫ ના પેજ નં.૧૭/૨૦૦૫ ના સીરીયલ નં.૧૭૧ થી તા.૨૪/૧૨/૨૦૦૫ ના રોજ લખાણ કરી વિલથી આપેલ છે અને અન્યની શાખ પણ કરાવી આપેલ છે. જે વિલમાં મિલકતમાં અરજદારના હિસ્સા આપેલ છે. આ વિલ કરનાર ગુજરનારનું અરજદાર સાથે જીવન પર્યંત લાગણી સભર અને સારા સંબંધો રહેલા અને તેની સાર સંભાળ રાખેલ હોય તેમજ તેના તમામ સુખ દુખમાં સાથે રહેલ છે તેથી ગુજરનારને અરજદાર તરફ વિશેષ વાત્સલ્ય ભાવ હતો અને અરજદાર ગુજ.દિવાળીબેનની સેવા ચાકરી તથા અરજદાર પ્રત્યેના નૈસર્ગીક લાગણીથી પ્રેરાઇને ગુજ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણા અરજદારના નામે હાલનુ વિલ બે સાક્ષીઓની હાજરીમાં તૈયાર કરેલુ હતુ જેમાં સાક્ષી તરીકે (૧) એ.ડી.ચંદારાણા યાને અશોકભાઇ દયાળજીભાઇ ચંદારાણા (૨) મંજુલાબેન જયંતિલાલ આડતિયાનું સાક્ષીકરણ કરાવેલ હતુ તેમજ આ વીલ લખી આપેલ હતુ. અરજદારના મામી સ્વ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાનુ ગઇ તા.૧૮/૦૬/૨૦૧૪ ના રોજ અવસાન થયેલ હોય અને તેના વસીયત વારસદાર દરજ્જે હોય જેથી અરજદાર તરીકે હાલની અરજી લાવેલ છે.

(૨) આ કામના સામાવાળા નં.૧ તથા ૨ તર્ફે અરજદારની અરજી બાબતે અરજી મંજુર કરવામા આવે તો વાંધો ન હોવા બાબતે એફીડેવિટ રજુ કરેલ છે.

(૩) અરજદારે સદર અરજી દાખલ કરતાં અરજીના અનુસંધાને જો કોઇને વાંધો હોય તો તે રજુ કરવા માટે "ગુજરાત સમાચાર" વર્તમાનપત્રમાં તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ. જે આ કામે આંક-૨૬ થી રજુ થયેલ છે. પરંતુ, હાલના કામે કોઇ પણ

પક્ષકારે વાંધો રજુ કરેલ નથી કે કોઈ પણ પ્રકારના વાંધા રેકર્ડ પર આવેલ હોવાનુ જણાઇ આવતુ નથી. જેથી અરજદરનો પુરાવો હાલના કામે લેવામાં આવેલ છે.

(૪) અરજદારે હાલની અરજીના અનુસંધાને નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનુ સરતપાસનુ સોંગદનામુ | ૧૧ |
| ૨. | સાહેદ અશોકભાઈ દયાળજીભાઈ ચંદારાણાનુ સરતપાસ સોંગદનામુ | ૧૨ |
| ૩. | સાહેદ મહેશભાઈ મગનલાલ મનાણી જુબાની | ૧૭ |
| ૪. | વિલ યાને વસીયતનામુ | ૧૮ |
| ૫. | મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ | ૧૯ |
| ૬. | નોટરી રજીસ્ટર | ૨૦ |
| ૭. | ગામ નમુના નં.૭, ૧૨, ૮–અ ની નકલ | ૨૪ |
| ૮. | દિવાળીબેનનો મરણનો દાખલો | ૨૫ |
| ૯. | સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૦૨ નો હુકમ | ૨૭ |
| ૧૦. | સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૦૨ નુ પ્રા.હુકમનામુ | ૨૮ |
| ૧૧. | અરજદારનુ આધારકાર્ડ | ૨૯ |

(૫) અરજદાર તરફે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. સદર કલોજીંગ પુરસીસના આધારે અરજદારો તરફેના પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર અરજીના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

૧) શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓ સ્વ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાનાઓના વિલના આધારે કાયદેસરના વારસદાર હોવાથી તેમની મિલકત અંગે તેઓ પ્રોબેટ પ્રમાણપત્ર મેળવવા હક્કદાર છે ?

૨) શું હુકમ અને શું હુકમનામુ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

–::નિર્ણયો::–

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૮) મુદ્દા નં.૧

(૮.૧) આ કામે અરજદાર નં.૧ તથા નં.૨ ના પિતા ગુજ.સ્વ. દિવાળીબેન જમનાદાસ ચંદારાણાનાઓએ કરી આપેલ મિલકતના વિલના આધારે મિલકતના વારસદાર હોવાનુ જણાવે છે તેમજ અરજદારના મામી દિવાળીબેન જમનાદાસ ચંદારાણા તા.૧૮/૦૬/૨૦૧૪ ના રોજ ગુજરી ગયેલ છે અને આ કામના અરજદારના મામીએ રજી. વીલ સીરીયલ નં.૧૭૧, તા.૨૪/૧૨/૦૫ ના રોજ અરજદારની તરફેણમાં તેઓની મિલકત અંગે વીલ યાને વસીયતનામુ કરી આપેલ છે જે અસલ વીલ યાને વસીયતનામુ આંક–૧૮ થી રજૂ થયેલ છે. તેમજ સદર કામે આંક–૧૯ થી મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ, આંક–૨૦ થી નોટરી રજીસ્ટર, આંક–૨૪ થી ગામ નમુના નં.૭, ૧૨ તથા ૮–અ ની નકલ, આંક–૨૫ થી દિવાળીબેનનો મરણનો દાખલો, આંક–૨૭ થી સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૦૨ નો હુકમ, આંક–૨૮ થી સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૦૨ નુ પ્રા.હુકમનામુ તથા આંક–૨૯ થી અરજદારનુ આધારકાર્ડ રજુ કરેલ છે જે વંચાણે લેતાં વીલમાં તથા સદર અરજીમાં જણાવેલ મિલકત નોટરી સમક્ષ તેમજ બે સાક્ષીઓની રૂબરૂમાં આ કામના અરજદારના નામે કરી આપેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે. તેમજ સદર કામે આંક–૧૨ થી સાહેદ અશોકભાઇ દયાળજીભાઇ ચંદારાણાને સોંગદ પર તપાસેલ છે. જેઓ વિલ યાને વસીયતનામામાં સાક્ષી તરીકે દર્શાવેલ છે. સદર સાહેદે પોતાની સોંગદ પરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે દિવાળીબેને પોતાની હયાતીમાં પોતાની મિલકતનુ વહીવટ માટે વીલ બનાવેલ. આ વીલમાં પાંચેય ખેતીની જમીન તેમની ભાણેજ તારાબેન ઉર્ફે તરૂલત્તાબેને આપવાનુ

ઠરાવેલ. તેમજ સદર કામે આ કામના સામાવાળાએ આંક–૯ થી હરીશભાઇ જમનાદાસ ચંદારાણા તથા આંક–૧૦ થી ભારતીબેન ડો/ઓ જમનાદાસ ચંદારાણા વા/ઓ કાન્તીભાઇ સાકરીયાનાઓએ સોંગદનામુ રજુ કરી પોતાનો હક્ક અધિકાર રાજુખીશીથી જતા કરતા હોવાનુ જણાવેલ છે.

(૮.૨) તેમજ સદર અરજી બાબતે કોઇને વાંધો કે તકરાર હોય તો તે માટે દૈનિક સમાચાર પત્ર "ગુજરાત સમાચાર" તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પરંતુ સદર અરજી બાબતે કોઇ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સદર કામે રજુ થયેલ અરજદાર તથા સામાવાળાની એફીડેવીટ વંચાણે લેતા તથા વીલના સાક્ષીની જુબાની વંચાણે લેતાં તેઓએ અરજદારોની અરજીને સમર્થનરૂપ હકીકતો આ એફીડેવીટમાં તથા જુબાનીમાં જણાવેલી છે. આમ, રજુ તમામ પુરાવો ધ્યાનમાં  લેવામાં આવે તો આ કામના અરજદાર ગુજ. દિવાળીબેન જમનાદાસ ચંદારાણાના વીલ યાને વસીયતનામાની રૂએ તેમના કાયદેસરના વારસદાર બનેલા હોવાનુ જણાઇ આવે છે અને અરજદારોનુ નામ સદર મિલકતમાં વારસદાર તરીકે દાખલ થવા પાત્ર હોવાનુ સાબિત કરવામાં અરજદારો સફળ રહેલા છે.

(૮.૩) અત્રે ઉલ્લેખનીય છે કે હાલની અરજીમાં જણાવ્યા મુજબ અરજીના કામે અરજદારએ વીલનુ પ્રોબેટ લેટર ઓફ એડમીનીસ્ટ્રીશન એનેકસ વીથ વિલ મળવા બાબતે દાદ માંગેલી છે. પરંતુ, વિલનુ પ્રોબેટ તથા તે જ વિલમાં જણાવેલ મિલકત સંબંધે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એક સાથે ગ્રાન્ટ કરી શકાય નહી. તદુપરાંત, હાલના કામે જયારે આંક–૧૮ વાળા વીલને વંચાણે લેતાં સદરહુ વિલમાં જણાવેલ મિલકતમાં ગુજરનારના હીસ્સે આવતી મિલકત બાતે અરજદારના લાભમા વિલ કરી આપેલ હોવાની હકીકત જણાઇ આવે છે તેમજ અરજદાર તરફે આંક–૨૭ થી રજુ સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૨૨ નો હુકમ ધ્યાને લેતા સદર કામે વાદી તેમજ પ્રતિવાદીનો સરખો હિસ્સો હોવાનુ ઠરાવવામા આવેલ છે તેમજ પ્રતિવાદી શાંતાબેન

સિવાયના મુળ વારસોને ગણતા મિલકતનો ૧/૭ ભાગનો હિસ્સો વાદી–પ્રતિવાદી વારસો મેળવવા હકદાર હોવાનુ ઠરાવેલ છે. આથી આંક–૧૮ થી રજુ વિલ તેમજ આંક–૨૭ થી રજુ સ્પે.દિ.કે.નં.૧૯/૨૦૨૨ નો હુકમ ધ્યાને લેતા હાલની અરજીના કામે ઈન્ડિયન સકસેશન એકટની કલમ ૨૭૬ મુજબ વિલનુ પ્રોબેટ સર્ટીફીકેટ કાઢી આપવુ ન્યાયોચીત અને યોગ્ય જણાય છે.

(૯) આમ, અરજદાર તરફથી રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા, અરજીની હકીકતો તથા આજદિન સુધી કોઇ પણ વ્યકિત પોતાનો વાંધો કે, તકરાર લઇને અત્રેની કોર્ટમાં આવેલ નથી. તેથી સકસેકશન એકટ ૧૯૨૫ ની કલમ ૨૭૬ માં આપવામાં આવેલ જોગવાઇને ધ્યાને લેતા તથા સિવિલ મેન્યુઅલના પ્રકરણ–૧૩ ના પેરા–૨૫૫(૧) માં જણાવ્યા મુજબ જો વારસાઇ અરજી અંગે કોઇ તકરાર ન ઉપસ્થિત તો તેવી વારસાઇ અરજી ચલાવવાની હકુમત સંબંધિત હકુમત ધરાવતી સ્થાનિક દિવાની કોર્ટને છે. આ કામે પણ ઉપર ચર્ચા કરી તે મુજબ કોઈ વાંધો કે તકરાર આ અદાલત સમક્ષ રજુ થયેલ નથી. તેથી, આ અદાલતને પ્રોબેટ સર્ટીફિકેટ કાઢી આપવા અધિકાર પહોચે છે. આ સંજોગોમાં અરજદાર સ્વ.દિવાળીબેન જમનાદાસ ચંદારાણાના કાયદેસરના સીધીલીટીના વારસદાર હોય, અરજદારોની માંગણી મુજબ પ્રોબેટ સર્ટીફીકેટ કાઢી આપવુ ન્યાયોચિત જણાય છે. જેથી ન્યાયના હિતમાં "મુદ્દા નં.૧" નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદારની અરજી અશંતઃમંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદાર તરૂલતાબેન ઉર્ફે તારાબેન ડો/ઓ માધવજીભાઇ કંટારીયા વા/ઓ અશોકભાઇ ચંદારાણાનાઓએ જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી સ્વ. દિવાળીબેન જમનાદાસ ચંદારાણાનાઓએ તા.૨૪/૧૨/૨૦૦૫ ના રોજના વિલની રૂએ ઉપલેટા ભાયાવદર ગામે આવેલ (૧) સર્વે.નં.૬૯૮/૧,

હે.આરે.ચો.મી.૫–૩૨–૧૬, (૨) સ.નં.૬૯૮/૨, હે.આરે.ચો.મી. ૫–૮૮–૮૨, (૩) સ.નં.૬૯૯/૧, હે.આરે.ચો.મી.૧–૮૬–૧૬, (૪) સ.નં.૮૩૦/૨, હે.આરે.ચો.મી.૧–૪૪–૬૮, (૫) સ.નં.૮૨૮/૧, હે.આરે.ચો.મી.૧–૫૮–૮૪ આપવામાં આવેલ છે તે મિલકતમાં ગુજરનાર દિવાળીબેનના હિસ્સાનુ અરજદારના નામનુ પ્રોબેટ સર્ટીફીકેટ કાઢી આપવુ.

૩. પ્રોબેટ સર્ટીફીકેટના હુકમ સાથે વિલની સહી સિક્કાવાળી એક નકલ સામેલ રાખવી.

આ હુકમ આજ તારીખઃ૧૧, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૮/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા )
જયુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભાયાવદર.
UIC-GJ01761

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.